ગોંડલના મહે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ, ગોંડલ.

ફોજદારી કેસ નં.૩૪૨/૨૦૨૬
આંક :–

શ્રી સરકાર ..... ફરીયાદી.

:: વિરૂદ્ધ ::

અર્જુનભાઇ અશોકભાઇ ખસીયા ..... આરોપી.

ગુનો :– પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ) મુજબ.

:: ઠ રા વ ::

(૧) આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવે છે અને આરોપીને તેમની સામેના **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) વધુમાં, આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને તે ગરીબ માણસ છે જેથી દયા કરવા અરજ કરેલ છે.

(૩) નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોર ના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકિકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે. આમ, સદરહુ ચુકાદાના પાના નં.૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે. તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનુ છું. જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હું નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

:: હુ ક મ ::

૧) આ કામના આરોપી **અર્જુનભાઇ અશોકભાઇ ખસીયા** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૨૬૪ અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)** ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની શિક્ષા તથા દંડ **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિન–૦૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : **૧૪ મી,** માહે : **માર્ચ,** સને : **૨૦૨૬** ના રોજ લોક અદાલતમાં સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

(મેહુલ દેવદાસભાઈ પરમાર)
એડી. ચીફ જયુડી. મેજી., ગોંડલ.
(GJ01036)